## જન્મદિને વધામણી



ગીતાબા વાય બિહોલા



મહેબૂબ બલોચ



રાહુલસિંહ બી ચૌહાણ
મો. ૯૯૭૮૪ ૦૬૫૧૩



સિધ્ધાંત મેહુલ ત્રિવેદી
મો. ૯૨૭૫૧ ૧૮૯૯૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### સમગ્ર દેશમાં સીબીએસઈ ધોરણ-૧૦ પરિણામોમાં આગળ રહીને

# 'ચૈતન્ય'એ શહેરી અને ગ્રામીણ શિક્ષણ વચ્ચેનું અંતર ઘટાડ્યું



મેં મારું સમગ્ર બાળપણ ચૈતન્યમાં વિતાવ્યું છે. શાળાએ મારું ઘડતર એક આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિ તરીકે કર્યું છે, જેના કારણે હું પરીક્ષા તદ્દન તણાવમુક્ત રીતે પસાર કરી શક્યો છું.



ચૈતન્ય શાળાએ પાયાનું ચણતર એવું મજબૂત કર્યું છે કે જેથી અમે કોઈપણ ક્ષેત્રમાં હરીફાઈ કરી શકીએ. મારી મહેનત અને સફળતા ફક્ત મારી શાળાના શ્રેષ્ઠ શિક્ષકોને આભારી છે.



હું ચૈતન્યના સૌથી જૂના વિદ્યાર્થીઓમાંથી છું. હું ગામડાની સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવુ છું, છતાં મેં કદી ખાનગી ટ્યુશન લીધું નથી કારણ કે શિક્ષણની મારી બધી જ મુશ્કેલીઓ મારા શિક્ષકો દ્વારા હલ કરવામાં આવે છે.



કોઈપણ લક્ષ્ય જો તમે વાસ્તવમાં પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો તેના પરથી નજર હટાવશો નહીં. રાહ જોવામાં તકલીફ તો છે, પરંતુ એનાથી વધારે તકલીફ પાછળથી પસ્તાવામાં છે. મને આ હકીકત સમજાવવા બદલ ચૈતન્યનો આભાર.

ગાંધીનગર, તા. ૩

ચૈતન્ય શાળાએ સાબિત કર્યું છે કે, ગ્રામીણ તેમજ શહેરી બંને વિસ્તારના બાળકો, CGPA of 10 મેળવી શકે છે. જો તેમને, તેમની કાળજી લેતી શાળામાં સારી ગુણવત્તા વાળું શિક્ષણ અને નાત-જાતનાં કે સંજોગોના ભેદભાવ વગર એક સમાન તક મળે. CGPA of 10 પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ છે, ઋષીલ. બી. મોઢ, ત્યાગી જીતેન્દ્ર ઉભડીયા, ધનરાજસિંહ પી. રાઓલ, અને સમકીત જૈન, અન્ય ૬ વિદ્યાથીઓએ ૯ થી ૯.૮ વચ્ચે CGPA પ્રાપ્ત કર્યા છે. શાળાનું પરિણામ ૧૦૦% આવ્યું છે. ચૈતન્ય શાળાએ આશ્ચર્યજનક ૧૫.૩%ના સીમાચિન્હરૂપ પરિણામ મેળવ્યું છે, જ્યારે CBSE Class Xની રાષ્ટ્રીય સરેરાશ ૧૧.૨%ની છે. સફળ થયેલ વિદ્યાર્થીઓ ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પૃષ્ઠ ભૂમિ ધરાવે છે, અને સમાજના વિવિધ વર્ગોમાંથી આવે છે. આ વિદ્યાર્થીઓ સાથે વાતચીત દ્વારા જાણવા મળ્યું કે, તેમની સફળતાનો આધાર, તેમની નિર્ણય શકિત, લક્ષ્યની સ્પષ્ટતા, સાતત્ય અને ચિંતા વગરનો અભ્યાસ છે. વર્ગમાં આપવામાં આવતા અસરકારક શિક્ષણ ઉપરાંત ઈતર પ્રવૃત્તિઓ બાબતે કોઈ સમાધાન કર્યા વગર વ્યક્તિત્વ વિકાસ અને જીવન કૌશલ્ય પ્રાપ્ત કરવાના અવસર પણ ચૈતન્યમાં તેમના અભ્યાસનો એક ભાગ હતો. શ્રી વિદ્યા નિકેતન ટ્રસ્ટ (SVNT) જે ચૈતન્ય શાળાનો વહીવટ સંભાળે છે, તેમને ગૌરવ છે કે, તેમનું સમાજને કંઈક આપવાનું અને ગ્રામ્ય અને શહેરી સમાજ વચ્ચેનું અંતર ઓછું કરવાનું જે મિશન છે, તે હવે ફળ આપી રહ્યું છે.

# રવિવારે ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ખાતે છેલ્લાં સવા બે વર્ષથી નિયમીત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. તારીખ પાંચમી જૂનના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન, અમદાવાદ અને આત્મન ફાઉન્ડેશન, ગાંધીનગરના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષાના ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારાં પુસ્તકોના વાચનનો પ્રસાર કરવાનો છે. સાથોસાથે પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો પુસ્તક પરબનો ઉમદા આશય ચે. ગુજરાતનાં વિવિધ શહેરોમાં પણ આ પ્રકારે પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લ ાભ લેવા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, સંજય થોરાત, અશોકભાઈ ત્રિવેદી, રણછોડભાઈ પરમાર, ધૂર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી, દિશાન્ત ગર્ગ વગેરે સહયોગીઓ તરફથી પુસ્તક ભાવકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# માધવ રામાનૂજને ગૌરવ પુરસ્કાર



ગાંધીનગર, તા. ૩

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતના સુપ્રસિદ્ધ કવિ માધવ રામાનૂજને વર્ષ ૨૦૧૬નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત કરવાનો કાર્યક્રમ તા. ૬ જૂન, રવિવારના રોજ ભાઈકાકા હૉલ, લૉ ગાર્ડન, અમદાવાદ ખાતે સાંજે ૫.૧૫ કલાકે આયોજિત કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે સાંસ્કૃતિક મંત્રી નાનુભાઈ વાનાણી સમારોહ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેશે. સર્વ સાહિત્યરસિકો, ભાવકો, સાક્ષરોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા અકાદમી દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
હાઉસફૂલ ૩
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
નિન્જા ટર્ટલ્સ (૩ડી અંગ્રેજી)
૧.૦૦, ૭.૪૫
નિન્જા ટર્ટલ્સ (૩ડી હિન્દી)
૩.૧૫, ૧૦.૦૦
એન્ગ્રી બર્ડ (હિન્દી ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરબજીત
૬.૪૫
વિરપ્પન
૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
હાઉસફૂલ ૩
૧૦.૦૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

# સ્વાભિમાન ગ્રૂપ દ્વારા વિદ્યાર્થીઓને નોટબૂક્સનું નિઃશુલ્ક વિતરણ




સ્વાભિમાન ગ્રૂપ ઈન્ડિયા દ્વારા જૂના વાડજમાં સ્થિત ગાંધીનગર સોસાયટી ખાતે ગરીબ અને જરૂરિયાતમંદ એવા ૭૫ વિદ્યાર્થીઓને ૫૦૦ જેટલી નોટબૂક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જૂના વાડજ વિસ્તાર એ શૈક્ષણિક રીતે પછાત વિસ્તાર ગણાય છે, જ્યાં સ્વાભિમાન ગ્રૂપ છેલ્લાં ૪ વર્ષથી શિક્ષણ ઉત્થાનનો પ્રયાસ કરી રહ્યું છે. આ પ્રવૃત્તિઓ સંસ્થાના સભ્યો પરસ્પર ફાળો ઉઘરાવી કરી રહ્યા છે.

# ત્રણ વર્ષ બાદ આજે શનિવારે શનિ જયંતી

## શનિ જયંતીના આ વિશિષ્ટ દિવસે હનુમાન ચાલીસાનું પઠન કરી શકાય છે
## આ દિવસે જ્યાં પણ યજ્ઞ થતો હોય ત્યાં આહુતિ પણ આપી શકાય છે

ગાંધીનગર, તા. ૩

ત્રણ વર્ષ બાદ તા. ૪ જૂન, ૨૦૧૬ના રોજ શનિ જયંતી, શનિવાર અને અમાસના દિવસે ત્રણ ગ્રહોનો સંયોગ થઈ રહ્યો છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર શનિ અમાસના ગ્રહો અને થઈ રહેલા ગોચર ગ્રહોને પગલે શનિ અમાસથી એક મહિનો રાજકીય ઝંઝાવાત જેવી સ્થિતિ દેશ અને પ્રદેશોમાં સર્જાઈ શકે છે.

આ અંગે વાત કરતાં જ્યોતિષીઓએ જે કોઈપણ જાતકને શનિની પીડામાંથી નિવારણ મેળવવા માટે શમી(ખીજડાનું) વૃક્ષ ઉછેરવું જોઈએ અથવા જો તે શક્ય ન બને તો શમી વૃક્ષનો સ્પર્શ કરવો જોઈએ એવી સલાહ આપી છે. શમી વૃક્ષની સમીધાથી હવન પણ ઉત્તમ ફળદાયી બની રહે છે, એમ તેમણે જણાવ્યું છે. શનિવારે સવારે ૧૧.૫૧ પછી શનિ અમાસનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે મધ્યાહ્ને અથવા સાયંકાળે વિશેષ દર્શન-પૂજા કરવાથી લાભ મળે છે એમ પણ જ્યોતિષીઓ જણાવી રહ્યા છે.

શનિદેવની કૃપા મેળવવા માટે સૂર્યની ઉપાસના પણ કરી શકાય છે. સાથોસાથ સૂર્યમુખીનાં તેલનું દાન પણ જરૂરિયાતમંદોને કરી શકાય છે. શનિ યમરાજાના મોટાભાઇ છે અને સૂર્યનાં પુત્ર છે. બીજી તરફ હનુમાનજી સૂર્યનારાયણનાં શિષ્ય છે. માટે શનિ જયંતીના આ વિશિષ્ટ દિવસે હનુમાન ચાલીસાનું પઠન કરી શકાય છે. આ દિવસે જ્યાં પણ યજ્ઞ થતો હોય ત્યાં આહુતિ પણ આપી શકાય છે. શ્રદ્ધાળુઓ ભૈરવની ઉપાસના પણ કરી શકે છે.

### 'શનિની સાડાસાતીમાં રાહત મેળવવા માટે હનુમાનજીને આંકડાની માળા અર્પણ કરો'

'જન્મનો શનિ વક્રી હોય કે નાની-મોટી પનોતી હોય અને ગોચરમાં વક્રી થતો હોય તો તેવા જાતકો હનુમાનજીની ઉપાસના પણ કરી શકે છે. સાથે જ હનુમાન ચાલીસા કે સુંદરકાંડનું પણ પઠન કરી શકાય છે, એમ એસ્ટ્રોલોજિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'શનિની સાડાસાતીના ઉપાયો' વિષય ઉપર જ્યોતિષ શિક્ષણ વર્ગ-મેમનગર ખાતે રવિવારે જ્યોતિષાચાર્ય પ્રદ્યુમ્નભાઈ ભટ્ટે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે શનિની સાડાસાતીની પનોતીમાં રાહત મેળવવા માટે દર શનિવારે હનુમાનજીને આંકડાના ફૂલની માળા અર્પણ કરવી જોઈએ. ખાસ કરીને દર શનિવારે તેલ-સિંદૂર પણ અર્પણ કરવું જોઈએ. યથાશક્તિ જરૂરિયાતમંદોને અન્નદાન કરવું જોઈએ. સાથે જ શનિ મંદિર જઈને શનિ ચાલીસાનું પઠન પણ કરી શકાય છે. સાથે જ જો શનિ જન્મના ચંદ્રથી ૧,૬,૧૧મી રાશિમાં પસાર થાય તો અશુભ ફળ મળે છે. એ જ રીતે શનિ, જન્મના ચંદ્રથી ૨,૫,૯મી રાશિમાં પસાર થાય તો શુભ ફળ મળે છે. શનિ, જન્મનાં ચંદ્રથી ૩,૭,૧૦મી રાશિમાં પસાર થાય તો શુભ ફળ આપે છે. શનિ જો જન્મનાં ચંદ્રથી ૪,૮,૧૨મી રાશિમાં પસાર થાય તો અશુભ ફળ આપે છે.

# કલ્યાણમય જીવન માટે વન્યપ્રેમી બનીએ, વન્યપ્રાણીઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાર્થીઓને પડકારીએ



**પ્રસંગસર**
**નરેશ ઠાકર**

વિશ્વ પર્યાવરણ દિન-૨૦૧૬નું યુએનનું થીમ છે - 'ગો વાઈલ્ડ ફોર લાઈફ - ઝીરો ટૉલરન્સ ફોર ધ ઈલીગલ વાઈલ્ડ લાઈફ ટ્રેડ'. આ વિષયવસ્તુનો મર્મ 'કલ્યાણમય જીવન માટે વન્યપ્રેમી બનીએ - વન્યપ્રાણીઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાર્થીઓને પડકારીએ' એવો સમજાય છે.

પાંચમી જૂને વૈશ્વિક મુખ્ય કાર્યક્રમનું યજમાનપદ આફ્રિકાના પશ્ચિમ કાંઠે આવેલ એન્ગોલા દેશને મળ્યું છે. તેનું પાટનગર લુઆન્ડા છે. એન્ગોલા અગાઉ વિદેશીઓના શાસન હેઠળ હતો. સ્વરાજ્ય માટે આંતર-વિગ્રહના વિતેલાં ૨૫ વર્ષો દરમિયાન, આ દેશના વન્યજીવોનું ગોરખ ધંધાર્થીઓએ શોષણ કરી હાથીઓના ટોળેટોળાંનું નિકંદન કર્યું છે. હવે, બચેલા હાથીઓના સંરક્ષણ ઉપરાંત આફ્રિકાની વૈવિધ્યસભર નોખી વન્યસૃષ્ટીને નવપલ્લવિત કરવાની દિશામાં આ દેશ આગળ વધી રહ્યો છે.

**કલ્યાણમય જીવન માટે વન્યપ્રેમી કેમ બનવું જોઇએ?**

ગોરખ ધંધાઓ વન્યજીવોનું નિકંદન કાઢે છે, તેનાથી પર્યાવરણને કેટલી હાનિ પહોંચે છે તે બાબત આપણે જાણવી જોઈએ. વિશ્વમાં ઘણા કુટુંબ-કબીલાનું ગુજરાન વન્યસૃષ્ટી પર આધારિત છે. નિર્દોષ વન્યપ્રાણીઓની સલામતી પણ વધુ મહત્ત્વની છે. વન્યસૃષ્ટીની કુદરતી સાંકળમાંથી કડીઓ તૂટી જવાથી લાખો લોકોની આજીવિકા પ્રભાવિત થાય છે. વળી, અબોલ વન્યપ્રાણીઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાથી પૃથ્વી પરની વિવિધતાસભર અમૂલ્ય વન્યસૃષ્ટી લુપ્ત થઈ રહી છે. કુદરતી વારસારૂપ આપણી વન્યસૃષ્ટીની લૂંટફાટ થાય છે. આ વન્યપ્રાણીઓની પ્રજાતિઓ લુપ્ત થવાને આરે ધકેલાય છે. વન્યપ્રાણીઓની કત્લેઆમ અને તેની દાણચોરી બેલગામપણે વધી રહી છે. જેથી વૈશ્વિક અર્થ વ્યવસ્થા અને ઈકો-સિસ્ટમ ખોરવાઈ રહી છે. પરિણામે વિશ્વસ્તરે વ્યવસ્થિત ગૂનાખોરીમાં ઊમેરો તેમજ ભય અને ભ્રષ્ટાચારને પોષણ મળી રહ્યું છે. આ પરિસ્થિતિને ખાળવા અને સૌના કલ્યાણમય જીવન માટે વન્યપ્રેમી બનવું જોઈએ.

**વન્યપ્રાણીઓ સાથે એવું શું બન્યું છે ?**

આંતરરાષ્ટ્રીય સંસ્થા યુએનની શોધખોળ મુજબ, વર્ષ ૨૦૧૧થી વિયેટનામમાં જાવન રાઈનો (ગેંડો)ની પેટાપ્રજાતિ લુપ્ત થઈ છે. જ્યારે, સદર વર્ષે જ કૅમરૂનમાંથી વૅસ્ટર્ન બ્લેક રાઈનોનું છેલ્લું પ્રાણી નામશેષ થયું છે. વન્યપ્રાણીઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાથી હાથી, ગેંડા, વાઘ, ગોરીલા અને દરિયાઈ કાચબા જેવી પ્રતિમાત્મક પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં મુકાયું છે. વળી, આફ્રિકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલ ગામ્બિયા, બુર્કિના ફાસો, બેનીન અને ટોગો દેશમાંથી પૂંછડી વગરના વાંદરા જેવા પ્રાણી 'એપ્સ' પણ ગાયબ થયા છે. ગોરખ ધંધાને ડામવા માટે વૈશ્વિક કક્ષાએ કાર્યવાહી ન થાય તો આ પરિસ્થિતિ અન્ય દેશોમાં ફેલાય અને નિર્દોષ વન્યપ્રાણીઓ લુપ્ત થવાની ઘટનાઓનું પુનરાવર્તન થઈ શકે છે.

જૂજ લોકોને ખબર છે કે, પ્રાણીઓ પૈકી હેલ્મેટેડ હોર્બિન્સ અને પૅન્ગોલિન્સ તેમજ વાઈલ્ડ ઓર્ચિડ્સ અને રૉઝવૂડ જેવા ફ્લાવર્સ અને ટિમ્બર્સની પ્રજાતિઓ પણ વન્યપ્રાણી ગણાય છે તેમજ આ પ્રાણીઓ પણ ગોરખ ધંધાના શિકાર બની રહ્યાં છે.

**આ મામલો વન્ય પ્રાણીઓનો છે, એમાં આપણે શું કરી શકીએ ?**

સામાન્યતઃ આવો સવાલ સ્વાભાવિક છે. આપણી મોજશોખની ટેવો બદલવાથી વન્યજીવોની ગેરકાનૂની પેદાશોની બજારમાં માંગ ઘટશે. જાગરૂકતાથી રાજ્યની ઈચ્છાશકિત બળવત્તર થશે. સરકારી અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર પગલાં લેવા માટે દબાણ વધશે. કડક કાયદાઓ બનાવી તેનું અનુપાલન ન કરતા લોકોને પડકારવા માટે અસરકારક પગલાં ભરાશે.

અલબત્ત, આ દિશામાં કેટલીક ચોક્કસ સફળતા મળી રહી છે. છતાં, ઘણી વન્યપ્રાણીની પ્રજાતિઓ ઉપર જોખમ છે. આપણા નિરંતર પ્રયાસોથી આ પ્રજાતિઓ ઉપરના જોખમી વાદળો હટાવી શકાશે. આવી પ્રજાતિઓને આવનાર પેઢી માટે સુરક્ષિત રાખી દેખભાળ કરવા અન્યોને પ્રેરણા આપી પ્રોત્સાહિત કરવા જોઈએ.

ભારતમાં વન્યપ્રાણીની નાજુક વિભિન્ન પ્રજાતિઓમાં પક્ષીઓમાં ૧૩, સસ્તન પ્રાણીઓમાં ૧૦, પેટે ચાલતા સરીસૃપોમાં ૬, જળ-સ્થળ પર રહેતા ઉભયચરોમાં ૨૦, માછલીઓમાં ૪, કરોળિયામાં બે અને કોરલ(પ્રવાલ)માં એક પ્રકારની પ્રજાતિ લુપ્ત થવાને આરે છે તેવો સરકારી અહેવાલ છે. જેમાં કાચબો, ઘુવડ, ગીધ, શાર્ક માછલી, ઉડતી ખીસકોલી, કરોળિયો વગેરે પણ સામેલ છે.

સ્થાનિક સ્તરે લુપ્ત થઈ રહેલ કોઈપણ પ્રાણીની પ્રજાતિ, સરવાળે વિશ્વસ્તરે લુપ્ત થતી પ્રજાતિઓની યાદીમાં જ ઊમેરાય છે. કલ્યાણમય જીવન માટે આપણે વન્યપ્રેમી બનીને આવી પ્રજાતિઓનું નિકંદન કાઢતા ગોરખ ધંધાને પડકારીએ. સૌ સાથે મળી વન્યપ્રેમી બનવાના નિશ્ચયને આપણાં કાર્યોમાં તબદીલ કરવા સચોટ કામગીરી કરીએ.

# અમદાવાદમાં સૌપ્રથમવાર 'પરિષહ વિજય યાત્રા'

ગાંધીનગર, તા. ૩

અમદાવાદ શહેરમાં સૌપ્રથમવાર સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરીશ્વરજી મ.સા., દીક્ષાદાનેશ્વરી આચાર્ય ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં 'પરિષહ વિજય યાત્રા'નું આયોજન આગામી તા.૧૮ જૂનના રોજ કરવામાં આવ્યું છે. શહેરના શાંતિનગર જૈન ઉપાશ્રય, શાંતિનગર ખાતે સવારે ૮.૩૦થી ૧૨.૩૦ દરમિયાન આયોજિત આ કાર્યક્રમમાં સૂર-સંગીતનો અનોખો સમન્વય પણ સર્જાશે, જેમાં મોટી સંખ્યામાં જૈન શ્રેષ્ઠીઓ અને જૈન ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે.

આ અંગે વિગતો આપતાં આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.એ જણાવ્યું કે મુનિરાજ ભવ્યરત્નવિજયજીના સંયમ સ્વીકારની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં પદ્મશ્રી ડૉ.સુધીર શાહનું બહુમાન પણ કરવામાં આવશે. જ્યારે સંગીતમય આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ ૧૫૦ દેશોમાં પણ થશે. આ પ્રસંગે પાદરલી-રાજસ્થાન ખાતે શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ દેરાસર અને મેવાડ દેશોદ્ધારક જિતેન્દ્રસૂરિજી સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠાનો 'જયોત્સવ' થશે. તેમણે કહ્યું કે આ યાત્રા સંગીતમય બની રહેશે. શાસ્ત્રીય રાગો અને વાજિંત્રોના નાદ સાથે સુંદર આયોજન કરવામાં આવશે અને તેને માટે વિશિષ્ટ સંગીતજ્ઞો ઉપસ્થિત રહેશે. ખાસ કરીને આ પ્રસંગે જીરાવાલા તીર્થની નાટિકાનું પણ આ પ્રસંગે લોન્ચિંગ થશે અને જીરાવાલા તીર્થની પ્રતિષ્ઠા અંગે પણ વિધિવત નિમંત્રણ પાઠવવામાં આવશે. તેમણે આ 'પરિષહ વિજય યાત્રા' અંગે જણાવ્યું કે સાધુ જીવનમાં આવતા કષ્ટોને પરિષહ કહે છે. આવા ૨૨ પ્રકારનાં કષ્ટો હોય છે. આવા પરિષહ સમભાવપૂર્વક સહન કરવા તેને પરિષહ વિજય કહે છે. પરમાત્માનો ઉપદેશ સમજાય એટલે સુખ તમને શત્રુ લાગે છે અને દુઃખ મિત્ર લાગે છે. સાધુ કર્મક્ષય માટે પરિષહોને દરરોજ સમતાપૂર્વક સહન કરે છે. સુખનો ત્યાગ અને દુઃખોને સહન કરવાનું ધ્યેય અને સત્ત્વ સાધુઓએ પ્રયત્નપૂર્વક ટકાવી રાખવું જોઈએ.